*ગનપટ હુરટીના કાવ્ય-ગોટારા*

## બે પંક્તીનું હૉનેટ?

--નીમીંશ ઠાકર

કોઈ બી વાટમાં લીમીટ ક્રોસ ઠાય, એ મને નીં ગમે. આજે ઉં એ 'હૉનેટ' (ચૌડ પંક્ટી હોય, એ હૉનેટ!)ની વાટ કરવા માગું છ, કે જેની 'બોલ્ડનેસ' જોઈ હુરટના લોકો ગારો બોલવાનું બી ભુલી જહે! પે'લ્લાં ટમે એને ટૉપ ટુ બૉટમ, મટલબ કે છેલ્લે હુધી વાંચી લેવ…

### *કંચુકી-બંધ છુટ્યા ને--*

*કંચુકી-બંધ છુટ્યા ને હઠ્યું જ્યાં હીર-ગુઠન,*
*હૈયાનાં લોચનો જેવાં દીઠાં બે તાહરાં સ્તન.*
*વૃત્તીઓ પ્રેમની સર્વે કેન્દ્રીત થઈ જ્યાં રહી;*
*પ્રીતના પક્ષીનો માળો રાતી લીલી નસો મહીં.*

*અગમ્ય રુપનાં કીન્તુ ત્વચા તો પારદર્શક,*
*મનના લોહને મારા ચુંબક જેમ કર્ષક.*
*દીસંત આમ તો જાણે ઘાટીલી નાની ગાગર,*
*જાણું છું ત્યાં જ છુપા છે શક્તીના સાત સગર!*

*મન્મથ-મેઘ ઘેરાતા કાયના વ્યોમમાં લસે,*
*તારા ત્યાં સ્તનના જાણે મોરલા ગ્હેકી ઉઠશે!*
*દીઠું મેં એવું એવું કૈં ભાવી ને ગત કાલની,*
*વસંતો ઉર્મીઓ વેરે સાંપ્રતે હ્યાં જ વ્હાલની;*

*કંચુકી-બંધ છુટ્યા ને-*
*રહસ્ય-બંધને બાંધ્યો…*

◆*પ્રીયકાન્ત મણીયાર*◆

વાચકોને ખાસ વીનંટી કે કવીટામાં ઈન્ટરેસ હોય ટો મને હાંભરો, ને કવીટાના વીસયમાં જ ઈન્ટરેસ હોય ટો ઘેર જાવ, ઐં હું કરહો?

ઘોર કરીયુગ છે, એ વાટ ટો નક્કી! આ હૉનેટ વાંઈચું કે ટરટ પે'લ્લો પ્રસ્ન ટો એ ઠીયો કે અવે આપડી સંસ્કૃટીનું ઠહે હું? નીમ્મેસભૈ કેય કે કૈં બી નીં ઠહે, ઈટીહાસમાં ઈન્ટરેસ લેવ ને 'મેઘડુટ' વાંચો! આપડી કવીટાઓનો આવો ઈટીહાસ? બોવ સરમ લાગે છ, હાં કે! બીજા ફીલ્ડની વાટ છોડો, અવે ટો કવીટા બી ભ્રષ્ટ ઠઈ ચાયલી, બસ વાટ પુરી!

સુભાષ ઘઈની ફીલમ 'ખલનાયક'ના ગાયનમાં 'ચોલી કે પીછે ક્યા હૈ?' એવો પ્રસ્ન આઈવો ટારે ટો બોવ વીવાડ ઠેઈલો ને એવું ઉઘાડું ગાયન હાંભરી લોકોએ ઉઘાડી ગારો બી ડીઢેલી, યાડ છે ની? કારન કે લોકોને આપડી સંસ્કૃટીની ચીન્ટા છે, ને રેહે. આ ગાયનમાં જે પ્રસ્ન છે, એનો જવાબ ટો

પ્રીયકાન્ટ મનીયારે બોવ એડવાન્સમાં આયલો છ, આ હૉનેટમાં ! લોકોને એ નીં ડેખાય કે? સંસ્કૃટીની ચીન્ટા કરો ટો પુરી કરો ! આ હૉનેટનો બહીસ્કાર મારે એકલાએ કરવાનો? નીમ્મેસભૈ બી જાનટા છે કે મને વલ્ગારીટી પ્રટ્યે બોવ નફ્રટ છે, બોવ એટલે બોવ, બસ વાત પુરી !

ઉં, ગનપટ હુરટી, કસમ ખાઈને કે'ટો છું કે આ કૃતીમાં અર્ઠોનું અઢઃપટન ઠેઈલું છ. 'ગાગરમાં સાગર' એ ટો કવીટાની મુર વ્યાખ્યા છે; પન આ હૉનેટ વાંચચા પછી એ વ્યાખ્યાના અર્ઠો બી ફરી જહે, ને કાવ્યવીભાવનાની બી પઠારી ફરી જહે, એની ટમને ચીન્ટા નીં મલે કે? કવી નીર્ડોસ બનીને પ્રઠમ પંક્ટીમાં 'છુટ્યા'સબ્ડ વાપરે છ, ટે બી અસટ્ય, જુઠ્ઠું ! 'છોડ્યા' લખવાને બડલે 'છુટ્યા' સબ્ડ વાપરી, એ આપડી આંખમાં બી ધુર લાખતા છે ! એ આપડાને સીખાઉ હમજે, એ કેવી રીટે ચાલે? બઢું કાંઈ આપો આપ નીં બને, ગોટારાની બી એક લીમીટ હોય !

આ બઢું મારે ભારે હૈયે કે'વું પડે છ. ડુખની વાટ તો કવી પોટાને અર્જુન હમજીને ટ્રીજી જ પંક્ટીમાં ઢ્યાન ક્યાં કેન્ડ્રીટ કરે છે ? અર્જુનને પંખીની આંખ જ ડેખાટી, એ રીટે ! લક્સવેઢ કરવા ઉટ્સુક બની ગેયલા કવીને કોન કેય, કે જાટને અર્જુન હમજો છ, ટો 'લક્સ' ઉંચું રાખો, પછી લક્સવેઢ કરો ! કવીએ કવીટાનો વીસય બી એવો ઝાયલો છે કે, ફીફ્ટી પરસન્ટ વાચકો ટો વાંચે જ નીં ! એની બી ચોખવટ કરું ? આ કવીટા એક પુરુસના એંગલઠી લખાયેલી છ, એટલે સ્ટ્રીઓને ટો આમાં ઈન્ટરેસ પડે જ નીં ! ને સંસ્કૃટીપ્રીય પુરુસો બી બીજી પંક્ટી વાંચચા પછી આગર નીં વઢે, મતલબ કે આગર નીં વાંચે. (ઉં બી સંસ્કૃતીપ્રીય છું જ, પન આ કવીટાનો આસ્વાડ લખવા માટે મારે ટો બીજી પંક્ટીથી આગર જવું જ પડે, કાંઈ છુટકો છે ? 'જીવન હૈ અગર ઝેર, ટો પીના હી પડેગા !

...ને બીજી પંક્ટી જ પ્રોબ્લેમેટીક છે. ટાં જ પુરુસની ટેન્ડન્સીના ને હૉનેટના સ્વરુપ અંગેના બી પ્રસ્નો ઉભા ઠટા છે. નીમ્મેસભૈએ મને વોન્નીંગ આલી છ કે, કવી ભલે સંયમ ચુકે, પન ઉડાહરન આલવામાં જો ટમે સંયમ ચુકહો, ટો ગનપટભૈ, લોકો ટમને ઘેર આઈને મારહે ! ને સંસ્કૃટીની મને ટો ચીન્ટા છે, એટલે ઉં સંયમ કારે બી ની ચુકું, બસ વાટ પુરી !

ઉં ટમને એક હારું ઉડાહરન આલું ? આડમીના જીવનનાં બે ફ્રાડીયાં હોય. જવાનીમાં એ પ્રેમીકાને ભજે, ને ટાંટીયા ઢીલા ઠાય એટલે ઈસ્વરને ભજે. ઈસ્કેમીજાજી ને...ઈસ્કેહકીકી, ગૉટ માય પૉઈન્ટ ? (જવાન લોકો વઢારે ઓનેસ્ટ, બાકી ડોહાઓની ટો ટમે વાટ જ જવા ડેવ !) 'ઈસ્કેહકીકી'માં ગોટારા બોવ ઠટા છે. ઈસ્વરની વાટ પ્રેમીકાને, ને પ્રેમીકાની વાટ ઈસ્વરને, એવા ગોટારા ! એક સાયરે એ ગોટારાને આગર વઢારવા લયખું છ કે...

ખુડા કા જીક્ર કરેં યા ટુમારી બાટ કરેં,
હમેં ટો ઈસ્ક સે મટલબ, કીસીકી બાટ કરે !

પન આપડે હારું ઉડાહરન લેહું, એટલે ઉં ટમને ઈસ્વરની વાટ કરા. ટમે ઈસ્વરનું ડર્સન કરવા મંટ્ર બોલટા હોવ, ને મંટ્ર પુરો ઠીયા પેલ્લાં જ જો ઈસ્વર ટમને ડર્સન આલે, ટો ટમે ડર્સન કરહો કે મંટ્ર પુરો કરહો ? ઈન સોર્ટ, ઈમ્પોર્ટન્સ કોનું છે, મંટ્રનું કે ઈસ્વરનું ? ઉં કેઉં છ કે ઈસ્વરનું ડર્સન ઠયા પછી મંટ્ર પુરો કરવાની ફોર્માલીટી કોઈ બી નીં કરે ! ટો આ હૉનેટમાં બી બીજી પંક્ટીમાં જ જે ડર્સન ઠટાં છે, એ કયરા પછી કોઈ મંટ્ર પુરો કરહે ? મટલબ કે આખ્ખું હૉનેટ વાંચહે ? બીજો સાસ્ટ્રીય પ્રસ્ન એ કે જો બીજી પંક્ટીમાં જ ચમટ્કૃટી ને ક્લાઈમેક્સ આઈ જાય, ટો એ રચના હૉનેટ કે'વાય ? ઉં ટો કેઉં છ કે આ બે પંક્ટીનું હૉનેટ ( ? ) કોઈ બી આખું વાંચહે જ નીં ! પે'લ્લાં બી મેં કેયલું છ કે સ્ટ્રીઓને આમાં મઝા નીં આવે, સંસ્કૃટીપ્રીય પુરુસો બીજી પંક્ટી આવટાં જ આઘાટ પામહે ને અઢમુઆ ઠઈ જહે, ને બાકીના પુરુસો ક્લાઈમેક્સ જોયા પછી આગર નીં વઢે ! ટો બાકીની બાર પંક્ટીઓ કોના માટે લયખી છ ? ને એ રહસ્ય-બંઢનને કોન છોડહે ? ? કવીએ ટો બઢાંને આગર વઢારવા 'પારદર્સક, ચુંબક, કર્સક, ઘાટીલી

નાની ગાગર (નાની ?), કાયના વ્યોમ, મોરલા' વગેરે સબ્ડો લખી બોવ પ્રલોભન આયલા છ; પન બીજી પંક્ટીની મુખરટા કમનસીબે એવી ચુંબકીય બની છ કે કોઈ આગર વઢહે જ નીં !

...ને પ્રેક્ટીકલ મનુસ્યો હું ખાવા આવી ઠીયરીમાં ટાઈમ વેસ્ટ કરે ? સંસ્કૃટીપ્રેમી મનુસ્યોને આઘાટ આલે એવા આ હૉનેટ(?)માં માનવજીવનનાં મુલ્યો ઢોવાઈ ગીયાં છ, એટલે ઉં ટેન્સનમાં લાગું છ, બાકી કસું જોવાઈ જાય ટો મને ટેન્સન નીં ઠાય, એટલી ગેરન્ટી ! નીમ્મેસભૈએ મને ખાસ કેયલું છ કે આસ્વાડ કરાવવામાં ટમે સંયમ રાખજો, એટલે આ બે પંક્ટીના આ હૉનેટ માટે મેં ભારે સંયમપુર્વક આટલી પંક્ટીઓ લયખી, બસ વાટ પુરી ! અવે મારે ઘેર જવું પડહે, અસ્ટુ ..

--નીમીંશ ઠાકર

સર્જક-સંપર્ક : **B-9 / 31, ONGC COLONY, PH-1, Magdalla, SURAT-394 518**
**Phone : (0261) 272 1788  eMail : nirmish1960@hotmail.com**
**Mobile : 94275 04245**

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **122** -- **October 7, 2007**
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : અક્ષરાંકન: **uttamgajjar@hotmail.com**

શ્રી. નીર્મીશ ઠાકર



પોતાની કલમે પોતાનું કાર્ટુન



## સર્જક-પરીચય

શ્રી. નીર્મીશભાઈ ઠાકર સુરતમાં **ONGC**માં સુપ્રીન્ટેન્ડન્ટ એન્જીનીયર છે. પોતે કાર્ટુનીસ્ટ, હાસ્યકાર, હાસ્યકવી છે. અઠ્ઠાવીસ જેટલાં હાસ્ય-પુસ્તકોના સર્જક છે. **'સંદેશ'** દૈનીકની બુધવારીય પુર્તીમાં એમની કટાર ***'શબ્દોનું શીર્ષાસન'*** રસપુર્વક વંચાય અને વાચકો બુધવારની રાહ જુએ. ટીવી ઉપર પણ એમણે ઘણા પ્રોગ્રામો આપ્યા છે. શ્રેષ્ઠ હાસ્ય પુસ્તક માટે ગુજરાતી સાહીત્ય અકાદમીનો પુરસ્કાર, ગુજરાતી સાહીત્ય પરીષદનો **'જ્યોતીન્દ્ર દવે હાસ્ય પુરસ્કાર'** તથા **'સંસ્કાર'** પુરસ્કાર જેવા ઘણા પુરસ્કારો પણ એમને પ્રાપ્ત થયા છે. તાજેતરમાં જ શ્રી. નીમીંશભાઈને, 'ગુજરાતી સાહીત્ય અકાદમી, ગાંધીનગર' તરફથી, સને ૨૦૦૩માં પ્રકાશીત થયેલાં, **'વ્યંગ-કટાક્ષ-હાસ્ય'** વીભાગનાં પુસ્તકો પૈકી, એમના પુસ્તક 'ગનપટ હુરટીની ગોર ગોર ધાની'ને પ્રથમ ક્રમનો પુરસ્કાર અને રુપીયા ૫૦૦૦નું પ્રથમ ઈનામ પ્રાપ્ત થયાં છે. નીર્મીશ કવી-મુશાયરાની તો રોનક બની રહે છે.

--ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

**શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લેક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી**

**4,73,000 જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં** http://www.gujaratilexicon.com

**લેક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લેક્સીકૉનની આ**

નવી interfaceની  મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **6500** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા  બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી  વેબસાઈટ

http://gujaratilexicon.com/index.php?action=downloadSeM

પરથી  સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા ‘ઓપીનીયન’ માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા ‘માતૃભાષા’ માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

## ● મધુરેણ સમાપયેત્ ●




સુરતનીવાસી કાર્ટુનીસ્ટ ભાઈશ્રી. નીર્મીશ ઠાકરના પુસ્તક : ‘કાર્ટુનાય નમઃ’ (પ્રકાશક- નવભારત સાહીત્ય મંદીર, જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-**380 001**, પ્રથમ આવૃત્તી : **2003**, મુલ્યઃ રુપીયા **100**)ના પાન : **45** ઉપરથી સાભાર.. **eMail : nirmish1960@hotmail.com**

‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : **122** -- **October 7, 2007**
‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં અક્ષરાંકન : અક્ષરાંકનઃ **uttamgajjar@hotmail.com**